**<u>મહે.૧૧મા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ શ્રી આઈ.કે.જાંગડ સાહેબની કોર્ટમાં, મુ.વડોદરા.</u>**

**ફો.કે.નં.–**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

આ કામના આરોપી વિરુધ્ધ તપાસ કરનાર અમલદારે તપાસના અંતે ભારતીય દંડ સંહીતાની કલમ – ૨૬૯,૧૮૮ તથા જી.પી.એકટ કલમ– ૧૩૫ મુજબના ગુના સબબની ચાર્જસીટ રજુ કરેલ છે. ચાર્જસીટનું સંજ્ઞાન લઈ આરોપીને સમન્સ કાઢતા તેઓ આ અદાલત સમક્ષ હાજર થયેલ છે. આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે.આરોપીએ પોલીસ પેપર્સની નકલોનો અભ્યાસ કર્યા બાદ આરાપી એ પોતાનો ગુનો કબુલ છે તેવુ જાહેર કરતી સ્વૈચ્છાએ પુરશીસ રજુ કરેલ છે. આરોપીની ક્રિ.પો. કોડની કલમ–૨૫૧ અન્વયે પ્લી નોંધતા તેમાં પણ આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપી પોતે અનિવાર્ય કારણસર બહાર નિકળેલાનો અને પોતાને કોઈ ગુનો કરવાનો ઈરાદો ન હોવાનું જણાવેલ છે. આરોપીએ ભુલથી જાહેરનામાનો ભંગ કરેલ છે તેવું આરોપી એ જણાવેલ છે. આરોપી એ સ્વૈચ્છાએ ગુનો કબુલ કરેલ હોવાથી કાયદામાં નિદિષ્ટ પુરે પુરી સજા નહી પરંતુ આરોપીને તેઓની સામેના ગુનાઓનો પ્રકાર વિગેરે ધ્યાને રાખી ઓછામાં ઓછી સજાનો હુકમ કરવાનો યોગ્ય જણાય છે જેથી તેની ગુના કબુલાત સ્વિકારી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

આ કામના આરોપી ને ક્રિ.પો.કોડની કલમ–૨૫૨ અન્વયે આરોપીની ગુના કબુલાતના આધારે ભારતીય દંડ સંહીતાની કલમ – ૨૬૯,૧૮૮ તથા જી.પી.એકટ કલમ– ૧૩૫ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી રૂ. ૧૦૦/–અંકે રૂપીયા સો પુરાનો દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી જો સદરહું દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેને દિન–૩ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

વડોદરા.
તા– ૧૦/૦૭/ ૨૦૨૧

૧૧મા એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
વડોદરા.